શાળાએ જવા નિકળેલા શિક્ષિકા
અચાનક અનંતની વાટે ઉપડી ગયા

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ એસ.ટી.સેલ દ્વારા સાંજે ૬.૦૦ કલાકે સેક્ટર-૧૨ રંગમંચ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● સેક્ટર-૨-ડી પ્લોટ નં. ૧૭૫૪/૨ શોપિંગ સેન્ટર પાસે પીપળા અને વડના પવિત્ર વૃક્ષને શાસ્ત્રોક્ત રીતે યજ્ઞ પવિત અને મંત્રયજ્ઞનો કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## શહેરમાં ટ્રાફિક પોલીસે ૧૧ દિવસમાં વાહનચાલકો પાસેથી રૂા.૧૧.૭૨ લાખનો દંડ વસૂલ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં વાહન ચાલકો હેલ્મેટ અને સીટ બેલ્ટનો ફરજીયાત ઉપયોગ કરે તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ૧૧માં દિવસે પોલીસે વાહન ચાલકો પાસેથી કુલ ૧૧૭૨૦ પાવતીઓ આપી અધધધ... રૂા. ૧૧.૭૨ લાખનો દંડ વસૂલ્યો છે.

ગાંધીનગર શહેર સહિતના માર્ગો પર વાહન અકસ્માતમાં મોતના બનાવો વધુ બનતા જિલ્લા પોલીસ દ્વારા હેલ્મેટ પહેરવા અને સીટ બેલ્ટ બાંધવા સહિતના ટ્રાફિક નિયમોને લઈ ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. છેલ્લા ૧૧ દિવસથી પોલીસ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર હેલ્મેટ અને સીટ બેલ્ટના અમલીકરણ માટે કામગીરી કરી રહી છે. પોલીસે ૧૧ દિવસમાં કુલ ૧૧૭૨૦ પાવતીઓ નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને આપી રૂા. ૧૧.૭૨ લાખનો દંડ વસૂલી ચૂકી છે. ઉલ્લેખનીય છે. પોલીસ હજુ પણ આગામી દિવસોમાં આ ઝુંબેશ ચાલુ રાખશે.

## આજે સેક્ટર-૮ સરકારી પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૮ સરકારી પ્રાથમિક શાળા ખાતે તા. ૨૩મી ફેબ્રુઆરીને મંગળવારના રોજ બપોરના ૧૨.૦૦થી ૪.૦૦ કલાક દરમિયાન બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાળ મેળામાં જુદા જુદા આઠ વિભાગો છે. દરેક વિભાગમાં વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. તેમજ રમત-ગમત, ખાણી-પીણીના સ્ટોલ પણ ઉભા કરાયા છે. શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લઈ બાળમેળાનો આનંદ માણશે.

# સે. ૩-એ-ન્યુનો આશાસ્પદ યુવાન કાળનો કોળિયો બનતા અરેરાટી

ગાંધીનગર, તા. ૨૨

કાળનો પંજો ક્યાં અને ક્યારે કોને ભરખી લે તે કોઈ નથી જાણતુ. 'ન જાણ્યુ જાનકી નાથે, કાલે સવારે શું થવાનું છે?' આ ઉક્તિ કદાચ આ કારણે જ લખાઈ હશે. ગાંધીનગરની સે. ૮માં એક શાળાના મધ્યમ વર્ગીય આશાસ્પદ યુવાન ચોકીદારનું અચાનક હૃદયરોગના ભારે

**સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે સીક્યુરીટી ગાર્ડની ફરજ બજાવતા ૩૧ વર્ષીય યુવાન સેલ્વિન મેકવાનનું હૃદયરોગના હૂમલાથી નિધન**

હૂમલાથી અવસાન થતા શાળા પરિવાર સહિત યુવાનના કુટુંબીજનોમાં ઘેરા આઘાતની લાગણી ફેલાવા પામી છે.

સે. ૩-એ-ન્યુમાં રહેતા નિવૃત્ત જીવન ગાળતા માતા-પિતાનો દિકરો અને બે બહેનોનો એકનો એક ભાઈ ૩૧ વર્ષીય સેલ્વિન ફિલિપ્સભાઈ મેકવાન સે. ૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે સીક્યુરીટી ગાર્ડની ફરજ બજાવતો હતો. આજે બપોરે આશરે બે વાગ્યાના સુમારે અચાનક તેને છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. આથી તે શાળામાંથી રજા લઈ ઘ-૨ સર્કલ નજીક એક ખાનગી તબીબને ત્યાં સારવાર-દવા લેવા માટે નીકળ્યો હતો. ઘ-૨ સર્કલે અચાનક તેને દુઃખાવો વધી જતા રસ્તામાં પડી જવા પામ્યો હતો. આ દૃશ્ય જોઈ આસપાસમાંથી ઘણા નગરજનો તેની પાસે દોડી આવ્યા હતા અને ટોળુ એકઠુ થઈ જવા પામ્યુ હતુ. આ સમયે કોઈ સેવાભાવી નગરજને તુરંત ૧૦૮ ડાયલ કરી જાણ કરતા થોડીકવારમાં એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સમાં સેલ્વિનને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં જ તેનુ નિધન થઈ જવા પામ્યુ હતુ. છેવટે એમ્બ્યુલન્સે સિવિલના બદલે સેલ્વિનના ઘરે લઈ જવાયો હતો. જ્યાં તેના પરિવાર પર જાણે આફત તુટી પડી હતી.

સેલ્વિન મેકવાનના આમ અચાનક અવસાનથી તેના માતા-પિતા અને બહેનો પર આભ તુટી પડ્યુ હતુ અને ભારે કલ્પાંત સાથે તેમણે વાતાવરણને ગમગીન બનાવી દીધુ હતુ. સેલ્વિનના નિધનથી તેના પરિવાર ઉપરાંત સેન્ટ ઝેવિયર્સ શાળા સંકુલમાં અને સે. ૩-એ-ન્યુમાં પણ આઘાત સાથે ઘેરા શોકની લાગણી પ્રસરવા પામી હતી.



ગાંધીનગર સાહિત્ય સભા અને સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સાહિત્યક પરિસંવાદના વિદ્વાન વક્તા પ્રવિણ ગઢવી (આઈએએસ)નું પુષ્પ ગુચ્છથી મહિલા સામાજીક કાર્યકર લીરલબા વાઘેલાનું સ્વાગત કર્યું તે વખતની તસવીરમાં સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, જાણીતા લેખક દોલત ભટ્ટ, સાહિત્ય સભાના મંત્રી મુળજીભાઈ પરમાર દૃશ્યમાન થાય છે.

# શાળાએ જવા નિકળેલા શિક્ષિકા અચાનક અનંતની વાટે ઉપડી ગયા

### પેથાપુરના શિક્ષિકા કૈલાસબેન પારેખ સાથી શિક્ષિકા મિત્રના સ્કૂટર પર જઈ રહ્યા હતા ત્યારે હૃદયરોગના હૂમલાથી નિધન

ગાંધીનગર, તા. ૨૨

વિશ્વની કોઈ પણ વ્યક્તિ એ નથી જાણતો કે તેનુ મૃત્યુ ક્યારે, ક્યાં અને કેવા સંજોગોમાં થશે. જીવનમાં અનેક પ્રકારના સ્વપ્નો સેવી બેઠેલા માનવીને મોતનો કાળમુખી પંજો ક્યારે છીન્નભીન્ન કરી નાંખે છે તેની ભનક સુદ્ધાં આવતી નથી. કંઈક આવી જ કહાની પેથાપુરના એક બાવન વર્ષીય શિક્ષિકા સાથે બનવા પામી છે. દરરોજના નિત્યક્રમ મુજબ પોતાના સાથી શિક્ષિકા સાથે સ્કૂટર પર શાળાએ જઈ રહ્યા હતા ત્યારે અચાનક આવેલા હૃદયરોગના હૂમલાએ તેમનુ પલકવારમાં પ્રાણ પંખેરૂ છીનવી લીધુ હતુ.

પેથાપુરની મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા કૈલાસબેન અરવિંદભાઈ પારેખ નામના શિક્ષિકા આજ રોજ સવારે સાડા ૧૦ વાગ્યાના સુમારે તેમના સાથી શિક્ષિકા મિત્ર ચારૂલબેન પટેલના એક્ટિવા સ્કૂટર પર નજીકના બાપુપુરા ગામે પ્રાથમિક શાળામાં નોકરીએ જઈ રહ્યા હતા. હજુ તેઓ માંડ પેથાપુર ચાર રસ્તા નજીક પહોંચ્યા હતા ત્યાં કૈલાસબેનને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો અને તેઓ સ્કૂટર પરથી પડી ગયા. આ જોઈ બેબાકળા બનેલા ચારૂલબેને સ્કૂટર થોભાવ્યુ હતુ અને એટલામાં ત્યાં અન્ય નાગરિકો પણ એકઠા થઈ જવા પામ્યા હતા. કૈલાસબેનને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આમ કૈલાસબેન જેઓ નિત્યક્રમ મુજબ પોતાની શાળાએ ફરજ બજાવવા નીકળ્યા હતા પરંતુ માત્ર ગણતરીની ઘડીઓમાં તેઓ અનંતધામની યાત્રાએ ઉપડી ગયા હતા. આ ઘટનાથી તેમના પરિવાર, સોસાયટી અને શાળા પરિવારમાં આઘાતનું મોજુ ફેલાયું છે.

## વાતવાતમાં

● રવિવારે નગરમાં ફરી એકવાર નવરાત્રિનો માહોલ છવાયો હતો. નગરમાં થયેલ અઢળક લગ્ન સમારંભોના રાસ-ગરબામાં રાત્રે નગરજનો મનભરીને નાચ્યા હતા.

● લગ્નસમારંભોની મૌસમ સાથે બેવડી ઋતુના માહોલે નગરજનોને ત્રસ્ત કરી મૂક્યા છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીના કારણે ઋતુજન્ય બિમારી જેવી કે તાવ, શરદી, ખાંસી વગેરેના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે.

● હજુ શિયાળો પૂરો થયો નથી અને ઉનાળાનું આગમન ઘણુ દૂર જણાય છે. જો કે નગરમાં અનેક ઠેકાણે ઉનાળાના ફળો જેવા કે તડબૂચ અને શક્કરટેટી વેચાતા જોવા મળતા આશ્ચર્ય ફેલાયું છે.

● ધો. ૧૨ના બોર્ડની પરીક્ષાઓ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ વિદ્યાર્થીઓમાં ઉત્તેજના વધતી જાય છે. ધો. ૧૨ પછી શાળા અભ્યાસ પુરો થઈ જતો હોવાથી અનેક વિદ્યાર્થીઓ દ્વારા પોતાના મિત્રો માટે ફેરવેલ પાર્ટીના આયોજન પણ થવા લાગ્યા છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## ચૌધરી વિદ્યાલય દ્વારા કચ્છનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય દ્વારા બે દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક પ્રવાસમાં ધો-૫ થી ૮ના કુલ ૧૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ ભૂજમાં સ્વામિનારાયણ મંદિર તથા મ્યુઝિયમ નિહાળ્યું હતું. તેમજ સફેદ રણ અને માંડવી પટનાં દરિયામાં ખૂબ જ આનંદ માણ્યો હતો. ત્યારબાદ અંજારમાં જેસલ-તોરલની સમાધિ જોઈ હતી. આ પ્રવાસનું આયોજન આચાર્ય મીનાબેન, ઈજુબેન, ગીતાબેન, ભાવનાબેન તથા પ્રાથમિક વિભાગમાં અન્ય ચાર બહેનો દ્વારા થયું હતું.

# ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

### વાર્ષિકોત્સવમાં સાહિત્યિક પરિસંવાદ અને પુસ્તકોના લોકાર્પણ યોજાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં વિશ્વ માતૃભાષા દિને સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રાહ્મણી હોલ ખાતે યોજાયેલ આ વાર્ષિકોત્સવનું આયોજન ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું. જેમાં નગરના સાહિત્યકારો અને સાહિત્ય રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાહિત્ય સભાના વાર્ષિકોત્સવનું ઉદ્‌ઘાટન પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ કર્યુ હતું. ઉદ્‌ઘાટન સમારંભમાં ગુલાબ પટેલ લિખિત 'ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જીવન સંદેશ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે જાણીતા કટાર લેખક પ્રા. સુરેશ ભટ્ટ તથા મૂળજીભાઈ પરમાર 'દધિ' ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિકોત્સવની પ્રથમ બેઠકના પ્રારંભે સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉએ આમંત્રિત વક્તાઓનો અને મહેમાનોનો પરિચય આપ્યો હતો.





પ્રથમ બેઠકમાં આઈએએસ અધિકારી અને સાહિત્યકાર - લેખક વી. એસ.ગઢવીએ શાયર રુશ્વા મઝલુમી શતાબ્દિ વંદના પ્રસંગે તેમનું જીવનચરિત્ર પ્રસ્તુત કર્યું હતું. જયારે યુવા સાહિત્યકાર પ્રો. નિસર્ગ આહિરે શાયર અમૃત ઘાયલ શતાબ્દિ પ્રસંગે સવિસ્તાર પ્રકાશ પાડ્યો હતો. પ્રથમ બેઠકના અંતે પ્રા. સુરેશચંદ્ર ભટ્ટે આભાર વિધિ કરી હતી.

બપોરે લંચ બ્રેક બાદ મળેલ દ્વિતિય બેઠકમાં ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટે અશોક હર્ષ શતાબ્દિ વંદના પ્રસંગે તેમનું જીવન ચરિત્ર પ્રસ્તુત કર્યું હતું. ત્યારબાદ દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ આઈએએસ અધિકારી પ્રવીણ ગઢવીએ દલિત સાહિત્યની વિભાવના અંગે વિસ્તારપૂર્વક રજૂતાત કરી હતી. બેઠકના સમાપન પ્રસંગે સાહિત્ય સભાના મંત્રી મૂળજીભાઈ પરમારે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમ સંચાલન સાહિત્યસભાના ટ્રસ્ટી પ્રજ્ઞાબેન પટેલે કર્યું હતું. દ્વિતિય બેઠકમાં જાણીતા લેખક ચિત્રસેન શાહ દ્વારા લિખિત પુસ્તક 'હાસ્યનું મેઘધનુષ' નું લોકાર્પણ કરાયું હતું. સાહિત્ય સભાના વાર્ષિકોત્સવમાં મોટી સંખ્યામાં શહેરના સાહિત્યકારો અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગૂજરાત વિધાપીઠના 'રાષ્ટ્રીય સેવા યોજના'ના વિધાર્થીઓ શાકભાજી ઉગાડવાનું ઉદ્યોગ શિક્ષણ તરીકે શીખે છે

ગાંધીનગર,તા.૨૨

ગૂજરાત વિધાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ



મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિધાર્થીઓ માટે રમત ગમતના સાધન રીપેરીંગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં અમદાવાદ અંધજન મંડળના સહયોગથી વિધાથીઓને ત્રણ દિવસીય બેડમિન્ટન અને લોન ટેનીસના રેકેટ કેવી રીતે બાંધવામાં આવે છે અને તેને રીપેરીંગ કેવી રીતે કરવામાં આવે છે તેની તાલીમ અંધજન મંડળ અમદાવાદના રામજી ભાઈએ આપી હતી.

ગૂજરાત વિધાપીઠના શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના વિધાથીઓ શારીરિક શિક્ષણ અને રમત ગમતની ડિગ્રી સાથે રમત ગમત ના સાધનની રીપેરીંગનું હસ્ત કોશલ્ય પણ પ્રાપ્ત કરી ભવિષ્યમાં પોતાનું વ્યવસાયિક જીવન આર્થિક રીતે સ્વાબ્લંબી બનાવી શકે તે હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે સાથે કિચન ગાર્ડનિંગ કરી શાકભાજી ઉગાડવાનું પ્રવુત્તિ પણ કરે છે આ વર્ષે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો બટાકા અને ડુંગરીની ખેતી કરી છે અને અંદાજે ૧૦૦ થી ૧૨૫ મણ બટાકા અને ૩૦ થી ૪૦ મણ ડુંગરીનું ઉત્પાદન કરી પોતાને આર્થિક રૂપે સ્વબ્લંબી બનાવે છે.

આ કાર્યક્રમના પાયામાં પ્રેરણા સ્રોતની ભૂમિકા ગૂજરાત વિધાપીઠના કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીની રહી હતી જેમની પ્રેરણાથી પ્રેરિત થઈ શ્રી પાર્થેશ ભાઈ પંડ્યા અને શ્રી અમિતભાઈ શાહના સહયોગ અને માર્ગદર્શનથી આ પ્રવુંર્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જેસીઆઈ દ્વારા લાઈફ ચેઝિંગ સેમિનાર 'ટર્નિંગ પોઈન્ટ' યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ દ્વારા સે.૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ



ખાતે તા.૨૧મી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૮ કલાકે લાઈફ ચેઝિંગ સેમિનાર 'ટર્નિંગ પોઈન્ટ'નું આયોજન કરાયું હતું. આ સેમિનારમાં આંતરરાષ્ટ્રીય ટ્રેનર-વક્તા મિતા અગ્રવાલ દ્વારા રોજિંદા જીવનમાં તણાવને દૂર કરી, જીંદગી ખુશમય બનાવવા પ્રેરક વકતવ્ય આપવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં તેમણે ભયનું હિંસામાં પરિવર્તન, જીવનના લક્ષ્યને હાંસલ કરવા માટેની વિચારપદ્ધતી, સમગ્ર જીવનને ખુશમય રીતે વિતાવવા માટેનો દૃષ્ટિકોણ અને તણાવ ઘટાડવા માટેના ઉદાહરણ સહિત અન્યોના સહકારથી તે કેવી રીતે મેળવી શકાય તે અંગે તાલીમ આપી હતી. તેમણે પોતાના વકતવ્યમાં નવા પરિપેક્ષ્ય સાથે તેમના પોતાના જીવન સાથે સંકળાયેલા સફળતા, સુખ અને સંતોષ માટેના અનુભવો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને હકારાત્મક ઉદાહરણ સાથે જીવનના ઉદ્દેશને જેસીઆઈના માધ્યમથી વહેતો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મિતા અગ્રવાલ જેસીઆઈના સેનેટર ઉપરાંત આંતરરાષ્ટ્રીય ટ્રેનર પણ છે. તેઓ ભારતના પ્રેરણાદાયી વક્તામાંના એક ગણાય છે અને જેસીઆઈના વિવિધ પ્રોગ્રામ્સ જેવા કે જાસ્મિન, કુમાર, સ્પીચ ક્રાફ્ટ વગેરેના ઓફિશિયલ ટ્રેનર છે. તે પણે જેસીઆઈના મહિલા સશક્તિકરણ માટે તાલીમ કાર્યક્રમ 'અસ્તિત્વ' અને શિક્ષકો માટેના તાલીમ કાર્યક્રમ 'ડ્રીમ મર્ચન્ટ'ની રચના કરેલી છે.

આ સેમિનારમાં જેસીઆઈના સભ્યોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ સહિત જેસીઆઈ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## પ્રેરણા વિદ્યાલયમાં માતૃભાષા દિનની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

પ્રેરણા વિદ્યાલય ખાતે તા.૨૦ ફેબ્રુઆરીએ માતૃભાષા દિનની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી.

માતૃભાષા દિન નિમિત્તે શાળાના કાવ્યગાન સ્પર્ધા, લેખક પરીચય, વાંચનકળા, ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યારથીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ વિદ્યાર્થીઓને માતૃભાષાનું આપણા જીવનમાં મહત્ત્વ અને જરૂરિયાત સમજાવી હતી. તથા શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ પ્રસંગને અનુરુપ ઉદ્‌બોધન આપ્યું હતું.

વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## બી.શાહ એન્ડ કુ.ના પ્રતાપભાઈ ડી. શાહનું ૮૨ વર્ષની જૈફ વયે નિધન

ગાંધીનગર, તા. ૨૨



સ્વ. પ્રતાપભાઈ ડી. શાહ જાહેરાતના વ્યવસાય સાથે છેલ્લા ૬૫ વર્ષથી સંકળાયેલ હતા. ટુંકી માંદગી બાદ તા. ૨૨-૨-૨૦૧૬ના રોજ તેમનું અવસાન થયેલ છે.

# શહેરમાં વધતો મચ્છરોનો હાહાકાર

ગાંધીનગર, તા.૨૨

સતત પલટાઈ રહેલા વાતાવરણથી અનેક સમસ્યાઓનું સર્જન થઈ રહ્યું છે. શરદી, ખાંસી અને તાવ જેવા વાઈરલ હાવી થયા છે ત્યારે બીજી તરફ મચ્છરોએ દેકારો બોલાવ્યો છે. અનુકુળ વાતાવરણ મળી રહેતા મચ્છરોની ઉત્પત્તિમાં જબરદસ્ત વધારો થઈ

**મિશ્ર ઋતુના પ્રભાવથી મચ્છરોની ઉત્પત્તિમાં તોતીંગ વધારો, મચ્છરોના ત્રાસથી લોકો ત્રાહીમામ, મારક સાધનોના શરણે**

ગયો છે. શહેરના અસ્તિત્વ પછી સૌથી વધારે પ્રમાણ મચ્છરોનું આ સાલ થયું હોવાનું શહેરીજનો અનુભવી રહ્યા છે. દિવસ-રાત ઘરમાં મચ્છરોના અતિક્રમણથી ત્રાહીમામ લોકો મચ્છરો મારક સાધનો અને દવાઓ મેળવવા રીતસર દોડાદોડી કરતા નજરે પડી રહ્યાં છે. જેથી તંત્ર દ્વારા આ અંગે સત્વરે પગલાં લેવાય તેવી માંગ ઉઠી છે.

શહેરમાં મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની દહેશત ઊભી થઈ છે. ગરમી, ઠંડી અને વાદળછાયા વાતાવરણ થકી મચ્છરો વધુપ્રમાણમાં હાવી થઈ રહ્યા છે. જો કે મચ્છરો તે સાનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ થઈ જતાં આ પ્રમાણ વધી રહ્યું હોવાના અનુમાનો થઈ રહ્યા છે. મિશ્ર ઋતુના પ્રભાવથી શહેરમાં શરદી, ખાસી, તાવ જેવા વાઈરલના દર્દીઓ હાલમાં દવાખાનાના પગથિયા ઘસી રહ્યા છે. ત્યારે મચ્છરો કરડવાથી થતાં રોગોની દહેશત પણ ઊભી થઈ છે. મેલેરિયા કે ઝેરી મેલેરીયા જેવા રોગો માટે મચ્છરો જ જવાબદાર હોવાનું માની તંત્ર દ્વારા અગાઉ ગંદકી ન થાય તેના માટે પ્રયત્નો કરતું હતું. પરંતુ હાલના સ્વચ્છતા અભિયાન અને કોઈ પણ જગ્યાએ પાણી પણ ભરાઈ રહેતું ન હોવાના સંજોગો છે છતાં પણ મચ્છર નામના દૈત્યે માથું ઉંચક્યું છે.

ગરમી-ઠંડીના મિશ્રવાતાવરણથી કંટાળેલા લોકો પંખો - એ.સી. કે હીટર કરવું તેની મુંઝવણ અનુભવી રહ્યા છે. અતિશય ઠંડા વાતાવરણ થકી શરદી-ખાંસીમાં સપડાવાનો ભય છે તો ગરમીમાં આ મચ્છરનો ત્રાસ વધી ગયો છે. જો કે મચ્છરને દૂર કરવા માટે બજારમાં ઉપલબ્ધ સાધનો અને દવાઓની ખરીદીમાં તેજી આવી ગઈ છે. ગાંધીનગરમાં અત્યાર સુધી આટલા પ્રમાણમાં મચ્છરોનો અનુભવ લોકો કરેલ નથી અને નક્કી સ્થળો સિવાય મચ્છરોની હયાતી મળતી પણ નહોતી પરંતુ હાલના સંજોગોમાં ઘેર ઘેર મોટી સંખ્યામાં મચ્છરો જોવા મળી રહ્યા છે. મચ્છરોના કારણે ફરજિયાત પંખો ચલાવવો એ નગરજનોની મજબૂરી બની ગઈ છે. ત્યારે તંત્ર દ્વારા રોગોના સ્રોત એવા આ મચ્છરોના નાશ માટે સત્વરે પગલાં ભરાય તે ઈચ્છનીય બન્યું છે. સમગ્ર નગરમાં દવાઓનો છંટકાવ થતા ફોગીંગ કરવામાં આવે તેવું લોકો જણાવી રહ્યા છે. અતિશયોક્તિ થયેલા મચ્છરો થકી નગરમાં મેલેરીયા જેવા રોગોનો ભરડો ભીંસાય તે પહેલાં મચ્છરનાશક પ્રવૃત્તિ અનિવાર્ય બની હોય તેવું હાલનાં સંજોગો જણાઈ રહ્યાં છે.



## ચિરવિદાય

- સ્વ. વાઘરી મૂળજીભાઈ ખોડાભાઈ, ઉ.વ.૭૦
- સ્વ.કમળાબેન નટવરભાઈ પ્રજાપતિ, ઉ.વ.૮૦
- સ્વ. કૈલાસબેન કોદરભાઈ ઠક્કર, ઉ.વ.૫૨